## સંક્ષિપ્ત સમાચાર

### પીપોદરામાં લિફ્ટમાં પગ ફસાતાં એકનું મોત

હથોડા: કામરેજના વેલંજા ખાતે રહેતા નિલેશભાઈ બળવંતભાઈ વસાણી (ઉં.વ.44) પીપોદરા જીઆઇડીસીમાં વિશ્વકર્માનગર ખાતે આવેલી રાજલક્ષ્મી ટેક્સટાઇલની લિફ્ટમાં માલસામાન ઉપર નીચે લઈ જતી વખતે તેના બંને પગ અકસ્માતે લિફ્ટમાં આવી જતાં તેને સારવાર માટે ખસેડતાં આખરે તેનું મોત થયું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાના મગરકુઈ ગામે બંધ ઘરમાં ચોરી

વ્યારા: વ્યારાના મગરકુઈ ગામે તસ્કરો 1.87 લાખનાં સોના ચાંદીના દાગીના ચોરી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોનગઢની આશ્રમ શાળામાં આચાર્યા તરીકે ફરજ બજાવતાં નયનાબેન ગામીત ગત ૨૧ ફેબ્રુઆરીએ નોકરી પર હતાં, ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. બેડરૂમના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ 1,87,500ની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે વ્યારા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પારડીપાટામાં સટ્ટો રમતો યુવક ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસે પારડીપાટા ગામેથી જિજ્ઞેશ હસમુખ પટેલને મોબાઈલ એપ્લિકેશન દ્વારા પાકિસ્તાન-શ્રીલંકા મેચ પર જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે 15,000નો મોબાઈલ અને ઓનલાઇન આઈડીના સ્ક્રીનશોટ કબજે કર્યા છે. એ સાથે સુરતના ધવલ નામના લિંક આપનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### અંત્રોલી ગામમાં બાઇક ચોરાતાં ફરિયાદ

પલસાણા: પલસાણાના અંત્રોલી ગામના ભુરી ફળિયામાં ઘરઆંગણે પાર્ક કરેલી કિરણભાઇ રાઠોડની 95,000ની કિંમતની બજાજ પલ્સર બાઇક નં.(GJ-19-BQ-1825) ચોરી થઈ ગઈ હતી. આ અંગે કડોદરા G.I.D.C. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બિલોઠીમાં જુગાર રમતા 4 ઝડપાયા, 12 વોન્ટેડ

નેત્રંગ: હોળી-ધુળેટીના તહેવારોને અનુલક્ષીને પીઆઈ આર.સી.વસાવાની સૂચનાથી પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બિલોઠી ગામના આબાખાડી વિસ્તારમાં ખેતર પાસે ચાલતા જુગારધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી સુરેશ વસાવા, વિરજી વસાવા, કુંવરજી વસાવા અને સર્વેશ વસાવાને 2315ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય 12 શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### માંડવીનો દારૂનો ફરાર આરોપી પકડાયો



માંડવી: માંડવી પોલીસ મથકના દારૂબંધીના ગુનામાં છેલ્લા બે મહિનાથી ફરાર સમીર સયફનાભાઈ તાંબોલી (ઉં.વ.38) (રહે.,ઝંખવાવ)ને બાતમીના આધારે સુરત LCBએ ઝંખવાવ-વાડી રોડ પરથી ઝડપી પાડ્યો હતો. PI આર.બી.ભટોળના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરાઈ હતી. પોલીસે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ અર્થે ઝંખવાવ પોલીસને સુપરત કર્યો છે.

### દઢાલ નજીક બાઈકસવાર ગરનાળામાં ખાબક્યો




અંકલેશ્વર: અંકલેશ્વરથી ઝઘડિયા તરફ જઈ રહેલું બાઈક દઢાલ સ્ટેન્ડ નજીક ગરનાળામાં ખાબકતા ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જોકે સદનસીબે બચાવ થયો હતો. 108ની ટીમ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત બાઈકચાલકને હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

### અંકલેશ્વર GIDCમાં ફાસ્ટફૂડની દુકાનમાં આગ

અંકલેશ્વર: અંકલેશ્વર GIDCની એક ફાસ્ટફૂડની દુકાનમાં આગ લાગી હતી. કમલમ ગાર્ડન સામેના કોમ્પ્લેક્સની આ દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગ લાગતા જ દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા હતા.આસપાસના લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતા જ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગને બુઝાવી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઇ જાનહાનિ થઈ નથી.

### ખોલવડ ઇન્ડસ્ટ્રિયલમાં લિફ્ટ નીચે આવી જતાં વૃદ્ધનું મોત

કામરેજ: ખોલવડ ગામની કડવીબા ટેક્સટાઇલમાં રવિવારે સવારે સર્જાયેલી દુર્ઘટનામાં મૂળ ભાવનગરના રતનપોરના 64 વર્ષીય વૃદ્ધ જીવરાજભાઈ ઇટાળીયાનું કરુણ મોત નીપજ્યું હતું. તેઓ લિફ્ટના બોક્સમાં કચરો સાફ કરી રહ્યા હતા, ત્યારે અચાનક લિફ્ટ નીચે આવી જતાં તેઓ દબાઈ ગયા હતા. મૂળ ભાવનગરના અને હાલ સરથાણા રહેતા આ પરિવારમાં આ બનાવથી શોક વ્યાપી ગયો છે.

### વાલિયાના કોંઢ પાસે અકસ્માતમાં એકનું મોત

ભરૂચ: વાલિયાના દોડવાડા ગામના હનુમાન ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય ગણેશભાઈ પટેલ અંકલેશ્વરથી બાઈક નં.(GJ-16-DE-6266) પર પરત ફરી રહ્યા હતા, ત્યારે ગુજરાત ગાર્ડિયન કંપની સામે અજાણ્યા વાહને તેમને અડફેટે લેતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. વાલિયા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### 7 વર્ષથી વોન્ટેડ આરોપી વાપીથી ઝડપાયો

ભરૂચ: નબીપુર પોલીસ સ્ટેશનમાં 2022માં નોંધાયેલા ગુના સહિત જમીન પચાવી પાડવાના ગુનામાં વોન્ટેડ આરોપી પરાગભાઇ ગીરધરભાઇ ગણાત્રા હાલ વાપીમાં (મૂળ રહે., ઈન્દ્રપ્રસ્થ ટાવર એ/1001, થલતેજ, અમદાવાદ) છુપાયેલો છે. આ માહતી આધારે ભરૂચ LCBની ટીમ તાત્કાલિક વાપી માટે રવાના થઈ હતી. ટીમે વાપીના ભીલાડ વિસ્તારમાં વોચ ગોઠવીને સ્થાનિક બાતમીદારો પાસેથી સચોટ માહિતી એકત્રિત કરી આરોપીને શોધી કાઢ્યો હતો.

### અંકલેશ્વરમાં 1500 વિદ્યાર્થીને ટ્રેકસૂટની સહાય

અંકલેશ્વર: અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે અંકલેશ્વર ખાતે માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઓએનજીસીના સહયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના 1500 વિદ્યાર્થીને ટ્રેકસૂટ વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી, ભરૂચના ધારાસભ્ય તથા ઓએનજીસીના એસેટ મેનેજર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચમાં શાંતિ સમિતિની બેઠક મળી

ભરૂચ: હોળી અને રમઝાન માસની શાંતિપૂર્ણ ઉજવણી માટે PI આર.એમ. વસાવાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવા અને અફવાઓથી દૂર રહેવા ચર્ચા થઈ હતી. PI વસાવાએ ‘સીઝર’ના નામે હપ્તા ઉઘરાવતા અસામાજિક તત્ત્વોથી સાવધ રહેવા અપીલ કરી હતી.

### કોઠી ગામે ટ્રક અડફેટે પોલીસ જવાનનું મોત

રાજપીપળા: તિલકવાડા-દેવલિયા હાઈવે પરથી ગત રવિવારે રાત્રે એકતાનગર ખાતે સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP) ગ્રુપ-18માં ફરજ બજાવતા 44 વર્ષીય પોલીસ જવાન ગીરીશભાઈ અંબાલાલ બારિયા બાઇક પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે કોઠી ગામ નજીક આર.એમ.સી. પ્લાન્ટ પાસે તેઓ લઘુશંકા માટે ઊભા હતા. એ વેળા પૂરઝડપે આવતી હાઈવા ટ્રક નં.(GJ-34-T-4023)એ તેમને અડફેટે લીધા હતા. ટ્રકનું ટાયર ફરી વળતાં ગીરીશભાઈનું મોત નીપજ્યું હતું.

# ઉચ્છલના સુંદરપુર ગામે ગોચર જમીન બચાવવા ગ્રામજનો મેદાને

**એકલવ્ય** મોડલ સ્કૂલને ગામની અન્ય સરકારી પડતર જમીન પર ખસેડવાની માંગ



વ્યારા: રાજ્યમાં ગોચર જમીન પર આડેધડ બાંધકામ તેમજ ગેરકાયદે દબાણો ઊભા થતાં ગોચર જમીન દિનપ્રતિદિન ઘટી રહી છે. ત્યારે તાપી જિલ્લામાં પણ ગોચર જમીન બચાવવા સ્થાનિકો સહિત વિવિધ ગામના લોકો દ્વારા વિરોધ કરવામાં આવે છે. ગતરોજ ઉચ્છલના સુંદરપુર ગામે ગોચર જમીન પર નિર્માણ થનાર એકલવ્ય મોડેલ સ્કૂલને ગ્રામ પંચાયતની સરકારી પડતર જમીન ઉપર ખસેડવાની માંગ ઊઠી હતી. જેને લઈને ગામના લોકોએ ગતરોજ તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને આવેદનપત્ર પાઠવી આ મુદ્દે લેખિત રજૂઆત કરી હતી.

સૂચિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ પાસે રમતગમતનું મેદાન આવેલું છે. જે મેદાનનો ઉપયોગ ગામના લોકો છેલ્લાં 30 વર્ષથી કરતાં આવ્યા છે. ત્યારે જો આ જગ્યાએ જ સ્કૂલ બનાવવામાં આવશે તો રમતગમતનું મેદાન પણ ગામ લોકોએ ગુમાવવાનો વારો આવશે તેમજ આ સ્થળે આઠ દસ જેટલાં ઘરો પણ આવેલાં છે. ત્યારે આ ઘરમાં રહેતા લોકોને ઘરવિહોણા થવાની શક્યતા રહેલી હોવાથી સુંદરપુર ગામના લોકોએ બ્લોક સરવે નં.3 ક્ષેત્રફળ હે. આરે 05-45-78 ચો.મી. સામે ગોચર જમીન ગામના ઉપયોગ માટે નહીંવત્ બચી હોવાથી આ જમીન ગોચર માટે અનામત રાખવામાં આવે તેવી માંગ કરી છે તેમજ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલને ગામની અન્ય સરકારી પડતર સ્થળે લઈ જવાની પ્રબળ માંગ કરવામાં આવી હતી.

### હરિપુરા ગામમાં ૩૫ વર્ષ જૂની પાણીની ટાંકી તોડી પડાઈ



બારડોલી: હરિપુરા ગામે ત્રણ દાયકા જૂની પાણીની ટાંકીને સુરક્ષિત રીતે તોડી પાડવામાં આવી છે. અંદાજે ૩૫ વર્ષ પૂર્વે નિર્મિત આ એક લાખ લીટરની ક્ષમતા ધરાવતી ટાંકી છેલ્લા ઘણા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં હતી, જેના કારણે સ્થાનિક રહીશો પર જોખમ તોળાઈ રહ્યું હતું. ગ્રામજનોની સલામતીને ધ્યાને રાખી તંત્ર દ્વારા આજે આ ટાંકીને તોડી પાડવાની કામગીરી હાથ ધરાઈ હતી. હવે આ જ સ્થળે ગામની વધતી જતી વસતીને ધ્યાનમાં રાખીને અદ્યતન ટેક્નોલોજી સાથેની નવી પાણીની ટાંકી બનાવવામાં આવશે, જેથી ભવિષ્યમાં પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી શકાય.

# સોનગઢમાં ૧૬ ભેંસ ભરેલો ટેમ્પો ઝડપાયો, ૭ સામે ગુનો

**ભેંસોને** કતલખાને લઈ જવાતી હતી

**રૂ.૧૧.૮૫** લાખનો મુદ્દામાલ કબજે



સોનગઢ: સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.૫૩ પર સોનારપાડામાં સોનગઢ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે વોચ ગોઠવી ૧૬ જેટલી ભેંસને કતલખાને લઈ જતો એક આઈસર ટેમ્પો ઝડપી પાડી કુલ રૂ.૧૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે બારડોલી તરફથી એક આઈસર ટેમ્પો નં.(GJ-23-AW-7254) ગેરકાયદે પશુઓ ભરી મહારાષ્ટ્ર તરફ જઈ રહ્યો છે, જેનું પાયલોટિંગ કાળા રંગની ક્રેટા ગાડી કરી રહી છે. એચ.પી. પેટ્રોલ પંપ પાસે પોલીસે વોચ ગોઠવતા ક્રેટા ચાલક નાસી છૂટ્યો હતો, પરંતુ પોલીસે ટેમ્પોને આંતરી લીધો હતો. તપાસ દરમિયાન ટેમ્પોમાં ૧૬ બાખડી ભેંસોને ટૂંકા દોરડા વડે બાંધલી મળી આવી હતી. આ પશુઓને મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે કતલ માટે લઈ જવાતાં હોવાનું ખૂલ્યું છે. પોલીસે સ્થળ પરથી સિદ્ધપુરના ડ્રાઈવર આશિફ સુમરા અને કરજણના વલણના મજૂર પીરૂશા ઉર્ફે સઈદને ઝડપી લીધા છે. જ્યારે પશુ ભરી આપનાર ઈકરામ ડમકીવાલા, સમીર પટેલ, મદદગાર રામસિંગ ગામીત, એજન્ટ આરીફ અને ટેમ્પો માલિક આરીફ શેખને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે સાત વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં ગેસ્ટ હાઉસના મેનેજર સામે ગુનો

સોનગઢ: તાપી S.O.G. પોલીસના ચેકિંગ દરમિયાન આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસેના VSG ગેસ્ટ હાઉસમાં ‘PATHIK’ સોફ્ટવેરમાં મુસાફરોની નોંધણી ન થતી હોવાનું બહાર આવ્યું હતું. અગાઉના ગુનાના આરોપીઓ ભૂપતભાઈ સાટિયા અને મિલનભાઈ સરવૈયા રોકાયા હોવા છતાં એન્ટ્રી ન કરી જાહેરનામાનો ભંગ કરવા બદલ મેનેજર સૂરજકુમાર પરીહાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

### અંકલેશ્વરમાં છૂટા પૈસા બાબતે બબાલ

અંકલેશ્વર: ભરૂચના રહેવાસી કૌશિક પંડ્યાએ અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે આવેલ મહિમા પેટ્રોલ પંપ પર 5886 રૂપિયાનું પેટ્રોલ પુરાવ્યા બાદ પેટ્રોલ પંપ એટેન્ડન્ટ દ્વારા છૂટા પૈસા બાબતે તેઓ સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કર્યું હતું. આ બાબતે ગ્રાહકે પેટ્રોલ પંપ સંચાલકને લેખિતમાં ફરિયાદ આપી હતી.

## ‘તમે પોર્ન જુઓ છો એવી ફરિયાદ થઈ છે’ કહી આધેડ સાથે ઠગાઈ

**કડોદના** આધેડ સાથે રૂ.23,500ની ઓનલાઇન છેતરપિંડી

બારડોલી: બારડોલીના કડોદ ગામે એક આધેડને દિલ્હી પોલીસના નામે ફોન કરી, પોર્ન વિડીયો જોવાની ફરિયાદ ટાળવા માટે ડરાવી-ધમકાવી 23,500 પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

કડોદ ગામમાં રહેતા 51 વર્ષીય આધેડે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 13 ફેબ્રુઆરીના રોજ તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ દિલ્હી પોલીસ તરીકે આપી જણાવ્યું હતું કે, તમારા વિરુદ્ધ ગૂગલ પર અશ્લીલ વિડીયો (પોર્ન) જોવાની ફરિયાદ થઈ છે. ભોગ બનનારને વિશ્વાસમાં લેવા માટે ઠગબાજે પોલીસ યુનિફોર્મ પહેરીને વિડીયો કોલ કર્યો હતો, જેમાં બેકગ્રાઉન્ડમાં પોલીસનો લોગો પણ દેખાતો હતો. ત્યારબાદ આ કથિત ‘પોલીસ અધિકારીએ’ સમાધાન કરવા અને ગૂગલ હિસ્ટ્રી ડિલીટ કરવાના બહાને આધેડને અન્ય એક નંબર પર વાત કરવા કહ્યું હતું. સામે પક્ષેથી ફાઈલ ડિલીટ કરવાના ચાર્જ પેટે કટકે-કટકે ઓનલાઈન નાણાંની માંગણી કરવામાં આવી હતી. આધેડે ડરના માર્યા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 23,500 ટ્રાન્સફર કરી દીધા હતા. જો કે, વધુ નાણાંની માંગણી થતાં આધેડના પુત્રએ દરમિયાનગીરી કરી હતી અને તેને સાયબર ફ્રોડ હોવાનું જણાયું હતું. પરિવારે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. હાલ બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




# બારડોલી, માંડવી અને અંત્રોલીમાં ભક્તિમય માહોલમાં હોલિકાદહન

**સુખ-સમૃદ્ધિની** પ્રાર્થના સાથે પર્વની ઉજવણી કરાઈ







બારડોલી, માંડવી, અંત્રોલી: સમગ્ર દક્ષિણ ગુજરાતની સાથે બારડોલી શહેરમાં પણ સત્યના વિજયના પ્રતીકસમાન હોળીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સોમવારની સાંજે શુભ મુહૂર્તમાં શહેરની વિવિધ સોસાયટીઓ અને મહોલ્લાઓમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. મંગળવારના રોજ ચંદ્રગ્રહણ હોવાથી એક દિવસ પહેલા હોલિકા દહન કરવામાં આવ્યું હતું.

બારડોલીના સ્ટેશન વિસ્તારથી લઈને શાસ્ત્રી રોડ, ધામડોદ રોડ અને ગાંધી રોડ પર આવેલી વેણાંક સોસાયટીઓમાં સવારથી જ હોળી પ્રગટાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. સાંજના સમયે આબાલ-વૃદ્ધ સૌ કોઈ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ હોળીના દર્શનાર્થે ઊમટી પડ્યા હતા. અગ્નિ પ્રગટાવ્યા બાદ શ્રદ્ધાળુઓએ શ્રીફળ, ધાણી અને ખજૂર અર્પણ કરી હોલિકા માતાની પ્રદક્ષિણા કરી હતી.

ચાલુ વર્ષે પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે અનેક લોકોએ આગામી વર્ષ સુખદ, શાંતિપૂર્ણ અને સમૃદ્ધ રહે તે માટે વિશેષ પ્રાર્થના કરી હતી. ખાસ કરીને ખેડૂત વર્ગ અને વેપારીઓએ આવનારું વર્ષ આર્થિક રીતે લાભદાયી નીવડે અને સમાજમાં સુખાકારી જળવાઈ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

માંડવીના ડાહ્યાપાર્ક સોસાયટીમાં હોળી પર્વ નિમિત્તે પરંપરાગત રીતે હોળી દહન કરવામાં આવ્યું હતું. સોસાયટીના રહેવાસીઓ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને શુભ મુહૂર્તે વિધિવત પૂજા-અર્ચના બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી. અંત્રોલીના રામજી મંદિરે દિલીપસિંહ રણા સહિત સમસ્ત ગ્રામજનો દ્વારા હોળી પ્રગટાવવામાં આવી હતી.

## બોરદા ગામમાં બે બાઈક અથડાતાં બે યુવકનાં મોત

**એક** બાઇક ચાલક પાછળ બેઠેલી વ્યક્તિ સાથે વાતો કરતાં કરતાં વાહન હંકારતો હતો

સોનગઢ: સોનગઢના બોરદા ગામની સીમમાં રવિવારે સાંજે બે મોટરસાઈકલ અથડાતાં બે યુવકે જીવ ગુમાવ્યો હતો. જ્યારે અન્ય બે યુવકને ગંભીર ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ બોરદાના મેળામાંથી પરત ફરી રહેલા ભીમસીંગ ભરતભાઈ વસાવા (રહે.,આમલપાડા) અને સામેથી પૂરઝડપે આવતી યુનિકોર્ન બાઈક નં.(GJ-22-S-8196)ના ચાલક રોહિતભાઈ સાજીયાભાઈ વસાવા (રહે.,ખડકીમહુ) વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંનેને માથા તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજાને 108 મારફતે રેફરલ હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં મોત થયું હતું. તો મનેષભાઈ મોહનભાઈ વસાવા અને પીયૂષ સુનીલભાઈ વસાવાને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને સોનગઢ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ ફરિયાદ અનુસાર યુનિકોર્ન બાઈકનો ચાલક બાઈક પૂરઝડપે હંકારી રહ્યો હતો. પ્રત્યક્ષદર્શી અને ફરિયાદી મનેષભાઈના જણાવ્યા મુજબ સામેથી આવતો બાઈક ચાલક પાછળ બેઠેલી વ્યક્તિ સાથે વાતોમાં વ્યસ્ત હતો અને પાછળ જોઈને બાઈક ચલાવી રહ્યો હતો, જેના કારણે સ્પ્લેન્ડર બાઈક સાથે જોરદાર અથડામણ સર્જાઈ હતી. આધુનિક સ્પોર્ટ્સ બાઈક અને યુવાઓમાં વધતી જતી વધુ ઝડપથી બાઈક ચલાવવાની ટેવને કારણે આવા અકસ્માતો વધી રહ્યા હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. સોનગઢ પોલીસે બનાવ અંગે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં આરોપીએ LCB ઓફિસમાં તોડફોડ કરી

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકના શ્રી બંગલોઝના બંધ મકાનમાંથી રૂ.90 હજારના ઘરેણાની થયેલી ચોરીના મામલામાં ભડકોદ્રા ગામની અયોધ્યાપુરમ સોસાયટીમાં રહેતો જશમીનદરસિંગ સોનુસિંગ સિંગ અને જશપાલસિંગ સિંગ સંડોવાયેલા હોવાની બાતમીના આધારે ભરૂચ એલસીબીએ બંને ઈસમને ઝડપી પાડી અંકલેશ્વર બી ડિવિઝન વિસ્તારમાં આવેલી એલસીબી ઓફિસે લાવી પૂછપરછ શરૂ કરી હતી ત્યારે જપશાલસિંગ અચાનક ઉશ્કેરાઈ જઈ તેના ભાઈને ગુનો કબૂલાત કરવાની ના પાડી ઓફિસમાં લાગેવલા કાચમાં મુક્કા મારી પોતાને ઈજાઓ પહોંચાડી હતી અને પોલીસ કર્મચારીને ધક્કો મારી દીધો હતો. પોલીસ કાર્યવાહીમાં અડચણ ઊભી કરતાં તેના વિરુદ્ધ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમથકે ફરીયાદ નોંધાઈ છે.

### સુરતના બે યુવક નવાપુરથી પીવા માટે દારૂ લાવતા હતા, સોનગઢમાં પકડાઈ ગયા

સોનગઢ: સોનગઢ પોલીસે નવાપુરથી સોનગઢ તરફ આવતી એક કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે સુરતના બે યુવકને ઝડપી પાડ્યા છે. પોલીસે બાતમીના આધારે નવા આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હોન્ડા સિવિક કાર (નંબર GJ-05-CM-1485)ને અટકાવી તપાસ કરતા ડેકીમાંથી વિદેશી દારૂ/બિયરના ૨૪ ટીન કિં. રૂ. 3840 મળી આવ્યા હતા. પોલીસે કારના ચાલક હાર્દિકભાઈ પ્રવિણભાઈ પાંડવ (ઉ.વ. ૨૩) અને તેની બાજુમાં બેસેલ કેયુરભાઈ મંગાભાઈ વઢેળ (ઉ.વ. ૨૫ બંને રહેવાસી કતારગામ, સુરત) ની અટકાયત કરી છે. આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ આ દારૂનો જથ્થો મહારાષ્ટ્રના નવાપુરના એક બારમાંથી પીવા માટે લાવ્યા હતા. પોલીસે કુલ રૂપિયા ૩,૩૩,૮૪૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી. વલસાડ
(વહીવટી શાખા)

વાપી મહાગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઈન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત<br>૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી<br>૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડિઝાઇન કરી પ્રીન્ટ કરી પ્રિન્ટેડ સ્ટેશનરી માલસામાન સાથે પૂરી પાડવાનું કામ | 1. Rs 20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total- 1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૨ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે બેનર, હોર્ડીંગ્સ, સ્ટિકર, તકતી વિગેરે માલસામાન, મજૂરી, લગાવવા સહિતનું કામ | 1. Rs.20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total- 1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૩ | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/-<br>2. Rs.2500/-<br>(18% GST)-450<br>Total-2950/- | 3. Rs.90,000/-<br>4. 12 Months |
| ૪ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે મહાનગરપાલિકા માટે સ્ટેશનરી માલસામાન પૂરી પાડવાનું કામ | 1. Rs.20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total-1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૫ | Selection of Service Provider for Security Services by deploying required number of security personnel to Safeguard, monitor & maintain security at various locations of Vapi Municipal Corporation | 1. Rs. 150,00,000/-<br>2. Rs.15000/-<br>(18% GST)-2700<br>Total-17700/- | 3. Rs.450,000/-<br>4. 12 Months |

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી |
| કોઈ વાંધા સૂચન હોય તો મોકલવાની તારીખ | તા.૧૩/૦૩/૨૦૨૬ સાંજે ૧૭.૦૦ કલાક સુધી vapimun@yahoo.com ઉપર મોકલવાના રહેશે. |
| પ્રિ બિડ મિટિંગ | તા.૧૭/૦૩/૨૦૨૬ સાંજે ૧૫.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

ન. માહિતી/વલસાડ/૯૪૬/૨૦૨૬